**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અને મુખ્યમંત્રી શહેરી આજીવિકા યોજનાનો સંયુક્ત સુધારા ઠરાવ)**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવક્રમાંક GLP/૧૦૨૦૨૦/૧૦૩૯૨૩/એસ.એફ.એસ-૬/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૦૮/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : બજેટ/૧૦૨૦૧૮/ એસએફએસ-૧૧ / ખ-૧તા.૨૬/૦૪/૨૦૧૮.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક:એન.એલ.એમ./૧૪૨૦૧૮/૩૨૪/ ઇ. તા.૦૧/૧૨/૨૦૧૮.

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઅ.પ.બ.૧૦૨૦૨૦/ ૧૦૮/૧૯૫૨૨૪/ ક તા.૦૫/૦૬/૨૦૨૦.

**આમુખ -**

સંદર્ભ-૧ માં દર્શાવેલ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૮ના ઠરાવથી વ્યક્તિગત અને સહભાગી ઉદ્યમિતાની સ્થાપના, મજબુતીકરણ અને સ્થિરીકરણ દ્વારા મહિલાઓ અને યુવાનોના આર્થિક અને સામાજીક વિકાસના મજબુત પાયા પર ગ્રામ્ય અર્થતંત્રને કૃષિ ઉપરાંત બીનકૃષિ ઉત્પાદન અને સેવા ક્ષેત્ર સાથે જોડી ગ્રામ વિકાસને વિશિષ્ટ ઊંચાઈ પર લઇ જવાના હેતુસર ગ્રામ્ય વિસ્તારમાં **મુખ્યમંત્રી ગ્રામોદય યોજના** અમલમાં મુકેલ છે.

સંદર્ભ-૨ માં દર્શાવેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ તા.૦૧/૧૨/૨૦૧૮ના ઠરાવથી ઉપર મુજબની યોજના શહેરી વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી આજીવિકા યોજના અમલમાં મુકેલ છે. સદરહુ બન્ને યોજના અલગ અલગ વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

વધુમાં બી.પી.એલ./ SECC લાભાર્થીઓ માટે ભારત સરકારશ્રી સહાયિત મહિલા આજીવીકા માટેની ગ્રામ્ય વિસ્તાર માટે નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (NRLM) અને શહેરી વિસ્તાર માટે નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન (NULM) યોજનાઓ અમલમાં છે. હાલમાં ધિરાણ મેળવવામાં વ્યતિત થતા સમયનાં નિવારણ માટે રાજ્ય સરકાર સહાયિત યોજના અમલમાં મુકી રાજયની મહત્તમ મહીલાઓને "જોઇન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ (JLESG)"માં સાંકળી લઇ જોડાયેલ મહિલાઓમાં નિયમીત બચત કરવાની આદત કેળવાય તેમજ તેઓ નાણાંકીય સધ્ધર અને આત્મનિર્ભર થાય તેવા શુભાશય સાથે આ યોજના અમલમાં મુકવાનું વિચારણા હેઠળ હતું.

આ યોજનામાં સહકારી અને ખાનગી ક્ષેત્રની બેંકો અને સંસ્થાઓને પણ જોડવાની જરૂરિયાત હતી, આમ સમગ્ર ગુજરાતમાં મહિલા સશક્તિકરણને વેગ આપવા ગુજરાત સરકારશ્રી દ્વારા નવીન યોજના અમલમાં મુકવાની જરુરિયાત હતી.

સંદર્ભ-૩ થી કોવિડ ૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેમાં આ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

આ નવી યોજનાનું નામ **"મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના"** રહેશે.

આ યોજનાનુ લક્ષ્ય નાણાકીય વર્ષ:૨૦૨૦-૨૧માં ૧ (એક) લાખ "જોઇન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ (JLESG)" ની રચના કરી તેમાં આશરે ૧૦(દશ) લાખ મહિલા સભ્યોને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ સાથે જોડી સ્વાવલંબી / આત્મનિર્ભર બનાવવાનો છે.

આ યોજનાના અસરકારક અમલીકરણ, સમીક્ષા અને માર્ગદર્શન માટે રાજ્ય કક્ષાએ સંચાલક મંડળ (Governing Body)ની રચના એનેક્ષર-૧ મુજબ તથા જિલ્લા કક્ષાએ અમલીકરણ સમિતિની રચના એનેક્ષર- ૨ મુજબ કરવામાં આવે છે.

આ યોજનાનું અમલીકરણ, શહેરી વિસ્તારમાં ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન (G.U.L.M.) અને ગ્રામિણ વિસ્તારમાં ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની (G.L.P.C.) દ્વારા કરવામાં આવશે.

## **૧. લક્ષિત લાભાર્થીઓ**

**૧.** આ યોજના હેઠળ ધિરાણ મેળવવા ઇચ્છુક ૧૦ મહિલાઓનું "જોઇન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ (JLESG)" બનાવવાનું રહેશે.

**૨.** મંડળનાં તમામ સભ્યો ૧૮ થી ૫૯ વર્ષનાં હોવા જોઇએ.

**૩.** જુથમાં એક કુટુંબના એક જ મહિલા સભ્યને લઇ શકાશે. પરંતુ જો આવા કુટુંબમાં જે તે કુટુંબના પુત્રવધુ સંયુક્ત કુટુંબમાં સાથે રહેતા હોય તો તેઓ અન્ય જૂથના સભ્ય બની શકશે.

**૪.** વિધવા અને ત્યક્તા બહેનોને આ યોજનામાં અગ્રતા આપવાની રહેશે.

**૫.** જુથના સભ્યો એક જ વિસ્તારમાં રહેતા હોય અથવા એક જ વિસ્તારમાં કામ કરતા હોવા જોઇએ. વધુમાં ગ્રામ્ય વિસ્તારમાં પાડોશી ગામનો પણ સમાવેશ કરી શકાશે.

**૬.** હાલની હયાત યોજનાના SHG કોઇ પણ ધિરાણ સંસ્થાની લોન બાકી ન હોય, તો આ યોજનાનો લાભ લઇ શકશે.

**૭.** આ યોજનામાં રીવોલ્વીંગ ફંડની જોગવાઇ કરવામાં આવેલ નથી.

**૮.** આ જુથ દ્વારા આર્થિક પ્રવૃત્તિ સાથે બચતનું કામ પણ કરવાનું રહેશે.

**૯.** આ જુથનુ એક સંયુક્ત બચત ખાતુ ખોલાવવાનું રહેશે. તથા જુથના દરેક સભ્યએ રૂ.૩૦૦/- પોતાના જુથના બચત ખાતામાં એક વખત જમા કરાવવાના રહેશે.

૧૦. ધિરાણ આપતી સંસ્થા, જૂથનું બચત ખાતુ અને લોન ખાતુ એમ બે પ્રકારના અલગ ખાતા ખોલશે. જૂથના તમામ સભ્યોના બચત ખાતા ઝીરો (0) બેલેન્સ થી ખોલવાના રહેશે તેમજ જુથના બચત ખાતામાં કોઈપણ પ્રકારની લઘુત્તમ રકમ જાળવવાની મર્યાદા રાખી શકાશે નહી.

## ૨. જૂથ દ્વારા ધિરાણ મેળવવાની પ્રક્રિયા અને મળવાપાત્ર લાભો:

૧. જુથ બનાવ્યા બાદ અમલીકરણ સંસ્થા દ્વારા નિયત કરેલ નમુનામાં અરજી તૈયાર કરી જે તે ધિરાણ આપનાર સંસ્થામાં રજુ કરવાની રહેશે.

૨. જુથ દ્વારા રજુ કરેલ લોન અરજીની ચકાસણી કરી, તથા સભ્યોની વિગતોની ખરાઇ કરી, ધિરાણ સંસ્થા પ્રથમ વર્ષે રૂ.૧.૦૦ લાખની લોન મંજુર કરવા નિર્ણય કરશે. ત્યાર બાદ બીજા વર્ષ માટે જે તે ધિરાણ સંસ્થા દ્વારા જુથની અગાઉના વર્ષની લોન વસુલાતની નિયમિતતાના આધારે લોનની રકમ નક્કી કરશે.

૩. સદર યોજના હેઠળ જૂથને વ્યાજ રહિત લોન આપવામાં આવશે તેમજ આપવામાં આવેલ લોન ઉપર લાભાર્થી પાસેથી કોઇપણ ગેરંટી લેવામાં આવશે નહિ.

૪. આ યોજનામાં જુથ ધિરાણ માટે કરવામાં આવતા કરારમાં સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તી આપવામાં આવે છે.

૫. રૂ.૧.૦૦ લાખની લોન ની પરત ચુકવણી જૂથ દીઠ રૂ. ૧૦,૦૦૦/- ના ૧૨ માસિક હપ્તા મુજબ કરવાની રહેશે. જો નિયમિત માસિક હપ્તા ભરપાઇ થાય તો ૧૧ માં અને ૧૨ માં મહિનાના રૂ.૧૦,૦૦૦/- નાં બે માસિક હપ્તાની રકમ જુથના ખાતામાં બચત રહેશે. જેથી દરેક જુથને સફળતા પૂર્વક ધિરાણ પરત કરવામાં આવતાં વર્ષાન્તે છેલ્લા બે હપ્તાની રકમ રૂ. ૨૦,૦૦૦/- (ઓછામાં ઓછી) ની બચત રહેશે.

૬. લોન ભરપાઇ કરવાની જવાબદારી સમગ્ર જુથની રહેશે. જે તમામ સભ્યોએ સરખા ભાગે ભરપાઇ કરવાની રહેશે.

૭. જુથે પોતે તથા જુથના સભ્યોએ પ્રત્યેક સભ્ય દીઠ જરૂરી રકમ (સૂચિત એક રુપિયો) સભ્ય ફી ભરી કો.ઓપરેટીવ ધિરાણ સંસ્થા / મંડળીના નોમીનલ સભ્ય થવાનું રહેશે.

૮. ફક્ત સહકારી બેંકો અને ક્રેડીટ કો.ઓપરેટીવ મંડળીઓ દ્વારા જ ઉપર મુજબ સભ્ય બનાવવાની પ્રક્રિયા કરવાની રહેશે.

## ૩.જોડાયેલ એજન્સીઓ તેમજ તેઓને મળવાપાત્ર પ્રોત્સાહન

૧. સરકારી બેંકો, ગ્રામીણ બેંકો, પ્રાઇવેટ બેંકો, સહકારી બેંકો, ઉપરાંત ક્રેડીટ કો.ઓપરેટીવ મંડળીઓ અને આર.બી.આઇ. માન્ય એમ.એફ.આઇ. અને અન્ય ધિરાણ સંસ્થાઓ અમલીકરણ સંસ્થા સાથે MoU કર્યા બાદ આ યોજનામાં ધિરાણ આપી શકશે.

૨. MoU કરેલ બેંકો દ્વારા પણ જે તે વિસ્તારમાં સામાજીક આર્થિક આંકલન કરી "જોઇન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ (JLESG)" ની રચના અને હયાત જુથોને મજબુત કરવાની

કામગીરી કરવાની રહેશે. અને આ રીતે બેંકોને નવીન બનાવેલ જુથ માટે પ્રત્યેક જુથ દીઠ રૂ. ૩૦૦/- પ્રોત્સાહક રકમ મળવા પાત્ર થશે.

**૩.** ધિરાણ એજન્સીઓ દ્વારા જૂથોની બેંક ધિરાણ પ્રવૃત્તિ માટે અલગ પ્રોડક્ટ કોડ રાખવાનો રહેશે, અને તે પ્રોડક્ટ કોડમાં જ ખાતું ખોલવાનું રહેશે.

**૪.** ધિરાણ એજન્સીઓ દ્વારા સભ્યો પાસેથી SMS કે અન્ય કોઈપણ પ્રકારના શુલ્ક (ચાર્જિસ) Hidden charges લેવામાં આવશે નહિ.

**૫.** લોન કેસ મંજુર થયેથી પ્રત્યેક જુથ દીઠ રૂ.૧૦૦૦/- મુજબ પ્રોત્સાહક રકમ ધિરાણ સંસ્થાને દરખાસ્ત મળેથી અમલીકરણ સંસ્થા મારફતે મળશે. (દરખાસ્ત રજુ થયેથી ત્રીસ દિવસમાં ઉપલબ્ધ ભંડોળને ધ્યાને રાખી.)

**૬.** નિષ્ફળ ધિરાણની રકમ માટે Risk Fundની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને આ રકમ એસ્ક્રો એકાઉન્ટ (Escrow account) ખોલાવી જમા કરાવવાની રહેશે. ધિરાણ સંસ્થાના કુલ ધિરાણના વધુમાં વધુ ૪% નિષ્ફળ ધિરાણ (NPA)ને આ Risk Fundની વ્યવસ્થા થકી પરત ચુકવણું કરી શકાશે. તે ઉપરનું NPA થાય તો તે ધિરાણ સંસ્થા દ્વારા ભોગવવાનું રહેશે. આ બાબતની જાણ આ યોજના હેઠળના સ્થાનિક સત્તાધિકારીને કરવાની રહેશે.

**૭.** દર વર્ષની ૩૧ માર્ચના રોજ વર્ષ દરમ્યાન જે ધિરાણ ખાતાઓ NPA થયેલ હોય તેની વિગતો અમલીકરણ સંસ્થા દ્વારા નક્કી કરેલ પત્રકમાં ધિરાણ સંસ્થા દ્વારા રજુ કરી (વર્ષ દરમ્યાન કરેલ કુલ ધિરાણના ૪ % ની મર્યાદામાં ) NPA ની મુદ્દલ રકમ ધિરાણ સંસ્થા રિસ્કફંડ માંથી વસુલી શકશે. રીકવરી મેનેજમેંટ માટે દરેક જૂથ દીઠ રૂ.૪,૦૦૦/- સુધી બેંકને અપાશે.

**૮.** લોન મંજુર થયેલ જુથને મળવા પાત્ર વ્યાજ સહાયની માંગણી અમલીકરણ સંસ્થા દ્વારા નક્કી કરેલ પ્રક્રિયા મુજબ ધિરાણ સંસ્થા દ્વારા કરવાની રહેશે અને માંગણી કર્યેથી યોજનાકીય ભંડોળમાંથી અમલીકરણ સંસ્થાએ રૂ. ૬,૦૦૦/-ની વ્યાજ સહાય સંબંધીત જુથના લોન ખાતામાં દિવસ ૩૦માં જમા કરાવવાની રહેશે.

**૯.** પ્રોત્સાહક રકમ, રીકવરી મેનેજમેન્ટ ઇન્સેન્ટીવ તેમજ રિસ્કફંડની રકમ, ધિરાણ સંસ્થા દ્વારા અમલીકરણ સંસ્થાએ નિયત કરેલ પત્રકમાં વિગતો રજુ કર્યેથી અમલીકરણ સંસ્થા દ્વારા દિવસ ૩૦માં ધિરાણ સંસ્થાને ચુકવવામાં આવશે.

**૧૦.** આ યોજનાના સુચારુ અમલીકરણ માટે જરુરી સોફ્ટવેર ધિરાણ સંસ્થા/ અમલીકરણ એજન્સી દ્વારા બનાવવામાં આવશે. આ સોફ્ટવેર તૈયાર થયા બાદ તમામ દરખાસ્તો અને ચુકવણા ફક્ત સોફ્ટવેરના માધ્યમથી જ કરવાના રહેશે.આ અંગેનુ જરુરી સોફ્ટવેર વિવિધ સહકારી બેંકોના પ્રતિનિધિઓના પરામર્શમાં રહી અમલીકરણ સંસ્થા દ્વારા તૈયાર કરાવવાનું રહેશે. અને આ અંગેનો ખર્ચ યોજનાકિય ભંડોળમાંથી કરવાનો રહેશે.

**૧૧.** લાભાર્થીઓની ઓળખ અને ડુપ્લિકેશન ન થાય તે હેતુસર, આધાર બેઝ ઓળખ થાય તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

**૧૨.** ધિરાણ સંસ્થાઓ દ્વારા દર માસની ૫ તારીખ સુધીમાં કરેલ કામગીરીની વિગતો નિયતપત્રકમાં અમલીકરણ સંસ્થાને રજુ કરવાના રહેશે.

૧૩. યોજનાના સુચારુ અમલ માટે વિભાગ દીઠ એક નોડલ બેંક નક્કી કરવાની રહેશે.

૧૪. કોઈ ધિરાણ સંસ્થા દ્વારા MoU કર્યા બાદ તેમજ ગ્રાંટ ચુકવ્યા બાદ સમયસર કામગીરી પુર્ણ ન કર્યાના કિસ્સામાં તે ધિરાણ સંસ્થા દ્વારા વ્યાજ સહીત નાણા અમલીકરણ વિભાગને પરત કરવાના રહેશે.

## ૪. અમલીકરણ અને મોનીટરીંગ

આ યોજનાનું અમલીકરણ ગ્રામ્ય વિસ્તારમાં ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. (GLPC) મારફત અને શહેરી વિસ્તારમાં ગુજરાત શહેરી આજીવિકા યોજના (GULM) મારફત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા કરવાનું રહેશે.

આ યોજનાના ઝડપી અને વ્યવસ્થિત અમલીકરણ માટે અને તમામ ધિરાણ સંસ્થાઓને આ યોજનાથી સંપૂર્ણ માહિતગાર અને પ્રોત્સાહિત કરવા માટે તેમજ સરકાર સાથે બેંકોને જોડવાનુ કાર્ય ગ્રામ્ય વિસ્તાર માટે ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંક અને શહેરી વિસ્તાર માટે નાગરીક સહકારી બેંક યુનિયન કરશે.

આ યોજનાના સુચારુ અમલ માટે જરુર જણાયે સ્વૈચ્છીક સંસ્થાઓની મદદ પણ લઈ શકાશે. જેમાં ખાસ કરીને જુથની રચના, તાલીમ, પ્રચાર પ્રસાર, બેંક સાથેનુ જોડાણ, વિગેરે કામગીરી માટે સ્વૈચ્છીક સંસ્થાઓની સેવાઓ લઇ શકાશે. આ માટે સ્વૈચ્છીક સંસ્થાઓની પસંદગી નિયમોનુસાર કરવાની રહેશે.

જુથની રચના ગ્રામ્ય વિસ્તારમાં G.L.P.C. હસ્તકના તેમજ શહેરી વિસ્તારમાં G.U.L.M. હસ્તકના કર્મચારીઓ દ્વારા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કર્મચારીઓ દ્વારા અને જે વિસ્તારોમાં G.L.P.C.તેમજ G.U.L.M. હસ્તકના કર્મચારીઓ નથી અથવા મર્યાદીત છે તે વિસ્તારોમાં આ કામગીરી સક્રિય બહેનો (CRP) મારફત તેમજ બેંકો દ્વારા પણ જુથની રચના કરી શકાશે.

ઉક્ત કર્મચારીઓ/ સી.આર.પી. / બેંકોએ લઘુત્તમ ૧૦ મહિલાઓના જુથ તૈયાર કરીને તેઓને આર્થિક પ્રવૃતિ માટે માર્ગદર્શન પુરુ પાડવાનું રહેશે, તેમજ જુથોને ધિરાણ સંસ્થા પાસેથી ધિરાણ મેળવી વ્યવસાયિક પ્રવૃત્તિમાં જોડવાના રહેશે. ધિરાણ સંસ્થા દ્વારા લોન મંજુર થયા બાદ જુથ રચના કરનાર કર્મચારી/ સી.આર.પી. / બેંકોને પ્રત્યેક જુથ દીઠ રુ. ૩૦૦/- પ્રોત્સાહક રકમ અમલીકરણ સંસ્થા ચુકવશે. ઉપરાંત એક વર્ષ બાદ આવા જુથોને પુન: લોન મંજુર થયા બાદ જુથ દીઠ રૂ. ૩૦૦/- પુનઃ મળવા પાત્ર થશે.

આ પ્રોત્સાહક રકમ જુથની રચના કરનાર કર્મચારી / સી.આર.પી.નાં બેંક એકાઉન્ટમાં દર માસના અંતે બનાવેલ જુથની સંખ્યાના આધારે અમલીકરણ એજન્સી દ્વારા જમા કરાવવામાં આવશે.

## ૫. મહેકમ વ્યવસ્થા :

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના અમલ માટે અલાયદા મહેકમની વ્યવસ્થા કરવામાં આવશે. (એનેક્ષર-૩ મુજબ)

## ૬. લક્ષ્યાંક તેમજ ખર્ચની જોગવાઈ :

### (એ) વાર્ષિક લક્ષ્યાંક :

**૧.** આ યોજના ઠરાવની તારીખથી અમલમાં મૂકવાની રહેશે. પ્રથમ વર્ષ માટે કુલ ૧.૦૦ લાખ જૂથોની રચના કરવાની રહેશે.

**૨.** જેમાં કુલ લક્ષ્યાંકો પૈકી ૫૦% ગ્રામ્ય વિસ્તારમાં અને ૫૦% શહેરી વિસ્તારમાં ફાળવવામાં આવશે.

**૩.** આ યોજના માટેનો ખર્ચ મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાની વર્ષ ૨૦૧૯-૨૦ સુધીની બચત રકમ, વર્ષ ૨૦૨૦-૨૧ની ચાલુ બાબતની જોગવાઇ અને વર્ષ ૨૦૨૦-૨૧ માં શહેરી વિકાસ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરેલ નવી બાબતની નાણાકીય જોગવાઈ માંથી કરવાનો રહેશે.

### (બી) ખર્ચની જોગવાઇ:

યોજના માટે નીચેની વિગતે ખર્ચ થનાર છે. (વાર્ષિક ૧ લાખ જુથના લક્ષ્યાંક ગુજબ)

| અનુ | વિગત | અંદાજીત રકમ (રૂ. લાખ ) |
|---|---|---|
| ૧. | ધિરાણ સંસ્થાને પ્રોત્સાહન રકમ (રૂા.૧૦૦૦*૧૦૦૦૦૦) | ૧૦૦૦.૦૦ |
| ૨. | વ્યાજ સહાય (રૂા. ૬૦૦૦ * ૧૦૦૦૦૦) | ૬૦૦૦.૦૦ |
| ૩. | રીકવરી મેનેજમેન્ટ ઇન્સેંટીવ (રૂા. ૪૦૦૦ *૧૦૦૦૦૦) | ૪૦૦૦.૦૦ |
| ૪. | નિષ્ફળ ધિરાણ માટે જવાબદારી ફંડ (રીસ્ક ફંડ ) (રૂા.૪૦૦૦ *૧૦૦૦૦૦) | ૪૦૦૦.૦૦ |
| ૫. | જુથ રચના માટે કર્મચારી / સી.આર.પી. વિગેરેને પ્રોત્સાહક રકમ (રૂા. ૩૦૦ *૧૦૦૦૦૦) | ૩૦૦.૦૦ |
| ૬. | પ્રચાર પ્રસાર, (IEC) ( વધુમાં વધુ ૩ % ) | ૫૦૦.૦૦ |
| ૭. | તાલીમ અને માર્કેટીંગ સપોર્ટ અને સોફ્ટવેર ડેવલોપમેન્ટ | ૭૦૦.૦૦ |
| ૮. | વહીવટી ખર્ચ ( યોજનાના ૨% સુધી ) | ૩૦૦.૦૦ |
| કુલ જોગવાઇ રકમ | | **૧૬૮૦૦.૦૦** |

**(૧)** કુલ બજેટના ઓછામાં ઓછા ૯૮% ગુજબ નીચે ગુજબની પ્રવૃત્તિઓ માટે યોજનાકિય ખર્ચ કરવાનો રહેશે.

-જોઇન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ (JLESG)ની રચના, ઇન્ટરેસ્ટ સબસીડી, સશક્તીકરણ, તાલીમ, માર્કેટીંગ સપોર્ટ, જુથ રચના માટે પ્રોત્સાહક રકમ, રીકવરી મેનેજમેન્ટ ઇન્સેંટીવ, નિષ્ફળ ધિરાણ માટે જવાબદારી ફંડ (રીસ્ક ફંડ), યોજનાકિય આઇ.ઈ.સી. તેમજ સોફ્ટવેર ડેવલોપમેન્ટ અને ટેકનીકલ સપોર્ટ.

**(૨)** કુલ બજેટના ૨ % વહીવટી ખર્ચ માટેની જોગવાઈ.

આ જોગવાઇ હેઠળ આઉટસોર્સીંગથી વહીવટી સ્ટાફની નિમણુંક (એનેક્ષર -૩ મુજબ), સ્ટેશનરી ખર્ચ, ભથ્થાઓ, વાહન ભાડું, કચેરી ભાડું કે અન્ય કન્ટીજન્સી ખર્ચ કરી શકાશે. (કુલ બજેટના ૨ % અને વધુમાં વધુ ૩ કરોડ)

(૩) નિષ્ફળ ધિરાણ માટેની કરેલ જોગવાઈ બંને વિભાગો હસ્તક ૫૦% મુજબ રહેશે. તથા વર્ષાન્તે આ રકમ માંથી જેટલી રકમ બચત થાય તેટલી રકમ આગલા વર્ષે બજેટમાં કેરી ફોરવર્ડ કરવાની રહેશે.

કુલ બજેટ જોગવાઈ રૂ. ૧૬૮.૦૦ કરોડ પૈકી ૫૦% ગ્રામ વિકાસ વિભાગના બજેટ સદરે અને ૫૦% શહેરી વિકાસ વિભાગના બજેટ સદરે જોગવાઈ કરવાની રહેશે. અને આ અંગેનો ખર્ચ ભૌતિક સિધ્ધિ અનુસાર કરી શકાશે.

આ યોજના અન્વયેનું ભંડોળ જે કોઇ બેંકમાં હશે તેના વ્યાજનો વપરાશ યોજનાકિય હેતુ માટે જ કરવાનો રહેશે.

જે તે ધિરાણ સંસ્થા/ બેંકમાં આ યોજના અંતર્ગત જમા થયેલ રકમ પર મળેલ વ્યાજનો ધિરાણ સંસ્થા / બેંક અન્ય કોઇ ઉપયોગ કરી શકશે નહી.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૩/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ ઠરાવ ગ્રામ વિકાસ તેમજ શહેરી વિકાસ વિભાગ બન્ને વિભાગોને લાગુ પડશે.

યોજનાના અમલ માટે જરૂરી નિયમો/નિયત નમુનાના પત્રકો/માર્ગદર્શિકા વિગેરે જે તે વિભાગ દ્વારા તૈયાર કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બિડાણ:** એનેક્ષર ૧, ૨ અને ૩

14/8/20

(પી.એન. મહેતા)
સેક્શન અધિકારી
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી,(ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી,(ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી,(શહેરી વિભાગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી તથા માન.રા.ક.મંત્રીશ્રીનાં અગંતસચિવશ્રીઓ(તમામ)
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.

રવાના કર્યું
14/8/20

- અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી., બ્લોક નં.૧૮/૩, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ કલેક્ટરશ્રી (મારફત ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મારફત ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી)
- તમામ નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(મારફત ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી)
- માહિતી નિયામકશ્રી,માહિતી નિયામકશ્રીની કચેરી ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- પંચાયત વિભાગનાં તમામ અધિકારી,તમામ શાખાઓ તથા સીસ્ટમ મેનેજરશ્રી વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- શાખા સિલેક્ટફાઇલ/ ના.સે.અ. સિલેક્ટ ફાઇલ

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અને મુખ્યમંત્રી શહેરી આજીવિકા યોજના) અંતર્ગત સુધારા ઠરાવ**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક- GLP/૧૦૨૦૨૦/૧૦૩૯૨૩/એસ.એફ.એસ-૬/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૧/૦૯/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરખા ક્રમાંક :GLP/ ૧૦૨૦૨૦ /૧૦૩૯૨૩/ એસ.એફ.એસ-૬/ ખ-૧ , તા.૧૪/૦૮/૨૦૨૦.

**સુધારા ઠરાવ:-**

મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અને મુખ્યમંત્રી શહેરી આજીવિકા યોજના) અંતર્ગત વંચાણ ક્રમાંક (૧) પરના તા.૧૪/૦૮/૨૦૨૦ નાં ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે.આ તા.૧૪/૦૮/૨૦૨૦નાં ઠરાવ સાથેના બિડાણ એનેક્ષર-૧ ,થી "રાજ્ય કક્ષા અમલીકરણ સમિતિ" અને એનેક્ષર-૨, થી "જિલ્લા કક્ષા સંચાલક મંડળ"ની રચનાઓ કરવામાં આવેલ છે.આ સમિતિઓમાં સભ્યશ્રીઓની નિમણૂંકો બાબતે ઉચ્ચ કક્ષાએથી લેવાયેલ નિર્ણય મુજબ ફેરફારો કરવાના થતા હોય ઉપરોક્ત વંચાણ ક્રમાંક(૧) પરના તા.૧૪/૦૮/૨૦૨૦ ના ઠરાવ સાથેના એનેક્ષર-૧ અને એનેક્ષર-૨ ને બદલે આથી હવે આ સાથે સામેલ રાખેલ એનેક્ષર-૧ અને એનેક્ષર-૨માં દર્શાવ્યા મુજબ સભ્યશ્રીઓ રહેશે.

વંચાણ ક્રમાંક(૧) પરના તા.૧૪/૦૮/૨૦૨૦ ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બિડાણ:** એનેક્ષર ૧ અને ૨

(એમ.જી.બંધિયા)
ઉપસચિવ(ગ્રા.વિ.)
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી,(ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી,(ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી,(શહેરી વિભાગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી તથા માન.રા.ક.મંત્રીશ્રીનાં અગંતસચિવશ્રીઓ(તમામ)
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી., બ્લોક નં.૧૮/૩, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ કલેક્ટરશ્રી (મારફત ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મારફત ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી)
- તમામ નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(મારફત ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી)
- માહિતી નિયામકશ્રી,માહિતી નિયામકશ્રીની કચેરી ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- પંચાયત વિભાગનાં તમામ અધિકારી,તમામ શાખાઓ તથા સીસ્ટમ મેનેજરશ્રી વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- શાખા સિલેકટફાઇલ/ ના.સે.અ. સિલેકટ ફાઇલ

**એનેક્ષર – ૧**

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત**

રાજ્ય કક્ષા અમલીકરણ સમિતિ :

| |
|---|
| (૧) માન. મુખ્યમંત્રીશ્રી – અધ્યક્ષશ્રી |
| (૨) માન. મંત્રીશ્રી, ગ્રામ વિકાસ– સભ્યશ્રી |
| (૩) માન. મંત્રીશ્રી, ગ્રામ વિકાસ (રા.ક) – સભ્યશ્રી |
| (૪) માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ (રા.ક ) – સભ્યશ્રી |
| (૫) સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ– સભ્ય સચિવશ્રી |
| (૬) સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ– સભ્યશ્રી |
| (૭) સચિવશ્રી, નાણા વિભાગ– સભ્યશ્રી |
| (૮) એમ.ડી, જી.એલ.પી.સી.– સભ્યશ્રી |
| (૯) એમ.ડી, જી.યુ.એલ.એમ.– સભ્યશ્રી |
| (૧૦) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય– સભ્યશ્રી |
| (૧૧) રાજકોટ નાગરીક સહકારી બેંકના પ્રતિનિધી –૧ –સભ્યશ્રી |
| (૧૨) કાલુપુર કો–ઓપરેટીવ બેંકના પ્રતિનિધી–૧ –સભ્યશ્રી |
| (૧૩)ચેરમેનશ્રી, ગુજરાત સ્ટેટ કો,ઓપરેટીવ બેંક –સભ્યશ્રી |
| (૧૪) ચેરમેનશ્રી, ઉત્તર ગુજરાત ક્રેડીટ સોસાયટી ફેડરેશન લી. મહેસાણા –સભ્યશ્રી |
| (૧૫) ચેરમેનશ્રી, વરાછા કો.ઓપરેટીવ બેંકલી. વરાછા સુરત – સભ્યશ્રી |
| (૧૬) કન્વીનરશ્રી, એસ.એલ.બી.સી. – સભ્યશ્રી |
| (૧૭) આર.બી.આઇ. ના પ્રતિનિધી –૧ – સભ્યશ્રી |
| (૧૮) મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ૩ મહિલા પ્રતિનિધીઓ : (૧.ઉર્વશીબેન પટેલ,સુરત ૨.દિપીકાબેન ત્રિવેદી,અમદાવાદ,૩.જ્યોતિબેન વાછાણી,જૂનાગઢ) |
| (૧૯) આમંત્રીત સભ્યશ્રી – (૧.ભરત ડાંગર,વડોદરા,૨.અશોક ચૌધરી,મહેસાણા ) |

**એનેક્ષર – ૨**

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત**

જિલ્લા કક્ષા સંચાલક સમિતિ:

| |
|---|
| (૧) કલેક્ટરશ્રી – અધ્યક્ષશ્રી |
| (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી – સહ અધ્યક્ષશ્રી |
| (૩) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી– સભ્ય સચિવશ્રી |
| (૪) જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રી – સભ્યશ્રી |
| (૫) જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારીશ્રી – સભ્યશ્રી |
| (૬) જિલ્લાની તમામ મહાનગરપાલિકા કમિશ્નરશ્રીનાં પ્રતિનિધિ – સભ્યશ્રી |
| (૭) જિલ્લા રજિસ્ટ્રારશ્રી ( સ.મં.) – સભ્યશ્રી |
| (૮) લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજરશ્રી – સભ્યશ્રી |
| (૯) ડી.ડી.એમ.શ્રી નાબાર્ડ–સભ્યશ્રી |
| (૧૦) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર – સભ્યશ્રી |
| (૧૧) રાજ્ય સરકાર સૂચવે તે નાગરીક સહકારી બેંકનાં પ્રતિનિધી – સભ્યશ્રી |
| (૧૨) જિલ્લાની મુખ્ય બેંકોના જિલ્લા કક્ષાનાં પ્રતિનિધિ –સભ્યશ્રી |
| (૧૩) મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ૨ (બે) મહિલા પ્રતિનિધીઓ(રાજ્ય સરકારશ્રી કક્ષાએથી નક્કી થાય)– સભ્યશ્રી |
| (૧૪) આમંત્રીત સભ્યો –૨ અધ્યક્ષશ્રી કક્ષાએથી નક્કી થાય તે મુજબ – સભ્યશ્રી |